અપીલ અરજી નં.૭ તા.૬–૪–૦૯/૧૦

અરજદારઃ શ્રી સરફરાજ ઈસ્માઈલભાઈ કુરેશી
સામાવાળાઃ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

## ફરીયાદની હકીકતઃ–

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી સરફરાજ ઈસ્માઈલભાઈ કુરેશીની તા.૩–૩–૦૯ ની અરજીથી ચોક બજાર લાલા લજપતરાય પ્લેટોરીયમ સામે આવેલ શબનમ હોટલ વોર્ડ નં.૧ નોંધ નં.૩૯૯૨ વાળી મિલ્કતની નીચે ભોંયતળિયે ગેરકાયદેસર બાંધકામ કેમ તોડવામાં આવતું નથી? હોટલનું લાયસન્સ ધરાવે છે, હોટલની બહાર ફુટપાથ કયાં છે?તે હોટલમાં લઈ લેવામાં આવી છે ?કયારે છુટી થશે? હોટલની આગળ તથા આજુબાજુનો ફુટપાથ તથા ગલીમાં જવાનો રસ્તો કયારે દૂર થશે? હોટલના છાપરા મિલ્કતની ૧૦ ફુટ રોડ સાઈડે ગેકાયદેસર નાંખ્યા છે તે કયારે દૂર થશે?વિગેરે મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***–અરજદાર મજકુરની તા.૬–૪–'૦૯ ની અપીલ અરજી નં.૭/૨૦૦૯–૧૦

શ્રી સરફરાજ ઈસ્માઈલભાઈ કુરેશીની તા.૩–૩–૦૯ ની અરજીથી ચોક બજાર લાલા લજપતરાય પ્લેટોરીયમ સામે આવેલ શબનમ હોટલ વોર્ડ નં.૧ નોંધ નં.૩૯૯૨ વાળી મિલ્કતની નીચે ભોંયતળિયે ગેરકાયદેસર બાંધકામ કેમ તોડવામાં આવતું નથી? હોટલનું લાયસન્સ ધરાવે છે,હોટલની બહાર ફુટપાથ કયાં છે?તે હોટલમાં લઈ લેવામાં આવી છે? કયારે છુટી થશે? હોટલની આગળ તથા આજુબાજુનો ફુટપાથ તથા ગલીમાં જવાનો રસ્તો કયારે દૂર થશે? હોટલના છાપરા મિલ્કતની ૧૦ ફુટ રોડ સાઈડે ગેકાયદેસર નાંખ્યા છે તે કયારે દૂર થશે?વિગેરે મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબતે હોટલવાળાએ ગેરકાયદેસર ફુટપાથ, તેમજ લાઈટ પોલ મહાનગરપાલિકાની જગ્યા હોટલની અંદર લઈ ગેરકાયદેસર બાંધકામ કરવા બાબતેની માહિતી ખોટી આપ્યાની રજુઆત કરી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૬–૪–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૭ તા.૧૭–૪–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને ગેરકાયદેસર બાંધકામ બાબતે ખોટી માહિતી અંગે કરેલ રજૂઆત બાબતે આધાર પુરાવા રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ . જેના અનુસંધાને તેઓ તરફથી પત્ર નં.સે.ઝોન/જાવક/ નં.૧૨૩ તા.૪–૫–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ આધાર પુરાવા અંગે માહિતી મળેલ નથી.

અરજદારની તા.૩–૩–૦૯ ની અરજીથી ચોક બજાર લાલા લજપતરાય પ્લેટોરીયમ સામે આવેલ શબનમ હોટલ વોર્ડ નં.૧ નોંધ નં.૩૯૯૨ વાળી મિલ્કતની નીચે ભોંયતળિયે ગેરકાયદેસર બાંધકામ કેમ તોડવામાં આવતું નથી? હોટલનું લાયસન્સ ધરાવે છે, હોટલની બહાર ફુટપાથ કયાં છે? તે હોટલમાં લઈ લેવામાં આવી છે ?કયારે છુટી થશે? હોટલની આગળ તથા આજુબાજુનો ફુટપાથ તથા ગલીમાં જવાનો રસ્તો કયારે દૂર થશે? હોટલના છાપરા મિલ્કતની ૧૦ ફુટ રોડ સાઈડે ગેકાયદેસર નાંખ્યા છે તે કયારે દૂર થશે?વિગેરે મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી માંગેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનના પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૬૭૧ તા.૩૧–૩–૦૯ થી માહિતી આપેલ હોવાનું જણાય છે. જેમાં મુદ્દા નં.૧ વોર્ડ નં.૧ નોંધ નં.૩૯૯૨ વાળી મિલ્કતમાં શબનમ હોટલનું બાંધકામ ગેરકાયદે હોવા બાબતની વિગતો રેકર્ડ પર નહીં હોવાની, મુદ્દા નં.૨ માં સદર હોટલનું લાયસન્સ હોવાની, મુદ્દા નં.૩ સદર હોટલની બહારની ફુટપાથ ની વિગતો રેકર્ડ પર નહીં હોવાની, જયારે મુદ્દા નં.૪,૫ અને ૬ માં આરટીઆઈ એકટ હેઠળ આવેલ અરજી અન્વયે રેકર્ડ આધારીત જ માહિતી આપવાની રહે છે. તેવી માહિતી આપવામાં આવેલ છે. અરજદારે અપીલ અરજીમાં શબનમ હોટલવાળાએ ગેરકાયદે ફુટપાથ તેમજ લાઈટપોલ મહાનગરપાલિકાની જગ્યા હોટલના અંદર લઈ ગેરકાયદે બાંધકામ કરવા બાબતે માહિતી ખોટી આપી છે તે અંગે કોઈ આધાર પુરાવા કે વાજબીપણું રજૂ કરેલ નથી.

### હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩–૩–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. અરજદારે ગેરકાયદે બાંધકામ બાબતે આધાર પુરાવા રજુ કરવામાં નિષ્ફળ રહેલ છે. આથી અપીલ અરજી અંગે કંઈ કરવાનું રહેતું નહોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો જાહેરમાહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી દિન ૭ માં માહિતી હેઠળના દફતરની તપાસણી કરી આરટીઆઈ નિયમ ૫ની જોગવાઈને આધિન લાગુ કિસ્સામાં નિયત ફી ભરી દફતરની તપાસણી કરી શકે છે. અરજદાર તરફથી તેવી માંગણી થયે હુકમની અમલવારી કરી તેની જાણ અત્રે કરવા શહેરીવિકાસ અીધકારી અને જાહેરમાહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫ – ૦૯

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી સરફરાજ ઈસ્માઈલભાઈ કુરેશી, સાગર હોટલની ગલીમાં, ચોકબજાર, સુરત,....તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારું.